RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 6


ઓક્ટોબર - 2017


કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ





# આનંદનો ઓડકાર

વ્હાલા જ્ઞાતિજનો,

**જય જલારામ...     જય રઘુવંશ...     જય મહાપરિષદ...**

ઓગસ્ટ મહિનો માતૃસંસ્થા કાર્યાલય માટે અને આપણા સૌ માટે એક સાથે ઘણી પ્રવૃત્તિઓવાળો પણ આનંદદાયક રીતે અત્યંત વ્યસ્ત રહ્યો પણ ખરો કે આજે આપણે નવા કામ કરવાના હતા અને તે રૂડી રીતે થઈ ગયા તો આપણને હળવાશ થાય છે. ચિત્તને એક પ્રકારની પ્રસન્નતા થાય છે, ખુશીનો ભેટક અને આનંદનો ઓડકાર ખાધાનો અહેસાસ થાય છે.

'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ' એ પંક્તિ આપણને અમલમાં લાવવા કહે તે ક્યા છે. 'धर्मस्य त्वरिता गतिः ।' એમ કહેવાય છે. દરેક સારું કામ ધર્મ હોઈ, તે ઝડપથી સારી રીતે અને સમયને જવાબે દુર્લભ ન થાય તે રીતે કરવું જોઈએ. જ્યારે આપણા થકી કોઈ પણ સારું કામ પૂરું થતું જોવા મળે ત્યારે આપણા તનમનમાં પ્રસન્નતાની લહેર ફરી વળતી હોય છે. આપણે જાણે હળવાફૂલ થઈ, હવામાં ભેજથી ઊડતા હોઈએ એવો ભાવ થાય છે. આવા ભાવમાં આધ્યાત્મિકતાનો ઉઘાડ, આનંદ સમાધિનો સંચાર જોઈ શકાય.

આવો એક આહ્લાદક ઉઘાડ થયો વરસાદની ધારા વચ્ચે મારું-તમારું અને આપણા સૌનું સ્વપ્ન સોના ભાગવત ભવન માટે શ્રી ખીમજી ભગવાન સોના ભાગવત અતિથિ નિકેતનની એક વિંગનું લોકાર્પણ પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈના હસ્તે સૌ દાતાઓ અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં થયું ત્યારે આજે મને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે શરૂઆતમાં થોડું અઘરું લાગતું આ કામ કેમ થશે, ક્યારે થશે, કેવી રીતે થશે એવી ગડમથલ સૌના મનમાં હતી. કેટલાકને શંકા પણ હતી ત્યારે શ્રી ખીમજી ભગવાનદાસ ટ્રસ્ટ વતી શ્રી સતીષભાઈ વિઠલાણી દ્વારા ૧.૫૧ કરોડ રકમ પ્રાપ્ત મળી અને પછી તો પતિત ફર્નિચર રાજકોટના શ્રી ઉમેશભાઈ નથવાણી, હરિશ્ચમૂર્તિ ટ્રસ્ટ, સાગર ટ્રસ્ટ પરિવાર શ્રી ધર્મેન્દ્રભાઈ હરિયાણીએ રૂ. ૧૧ લાખ અને લોકાર્પણ વખતે ઉદાર દાનવીર શ્રી મહેન્દ્રભાઈ ચેતાણી દ્વારા રૂ. ૨૫ લાખની જાહેરાત થઈ ત્યારે હવે ખૂબ જ ઝડપથી આ સ્વપ્ન સાકાર થશે જ તેવું પ્રોત્સાહન મળ્યું. આ સૌ ઉદાર દાતાઓ પરત્વે માતૃસંસ્થા વતી આભાર વ્યક્ત કરી કૃતજ્ઞતા પ્રગટ કરું છું. આવા જ અન્ય ઉદાર દાતાઓના સાથ સહકારથી હવે આપણું આ કાર્ય ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે અને નજીકના ભવિષ્યમાં પૂરાય ૭૦ રૂમોનું નવિનીકરણ કરી સમાજને એક અભૂતપૂર્વ નજરાણું અર્પણ કરવાની અમારી નેમ છે.

ધર્મ જીવનના આનંદ માટે જ છે, તેથી તો આપણે ધર્મને જીવનમાં સ્વીકાર અને મહિમા કરીએ છીએ અને એકાંત સુખનો મહિમા અપરંપાર નિજાનંદ ઉપજાવે છે. આવો નિજાનંદ માણવાનો લ્હાવો માતૃસંસ્થાના માધ્યમથી આપણે અમદાવાદ ખાતે વિશ્વવંદનીય પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પરિપૂર્તિ ભારતભરના પૂજનીય સંતોની સાનિધ્યમાં ત્રણ દિવસ સુધી ઉજવી લીધો અને ધન્યતા અનુભવી.

વ્હાલા જ્ઞાતિજનો આવો જ હર્ષોલ્લાસ અને નિજાનંદ આવતા ૨૫ ઓક્ટોબરથી ૧ નવેમ્બર સુધી પૂજ્ય ભાઈશ્રીના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામૂહિક માતૃવંદના - માતૃતર્પણથી મેળવવાનો છે. આપ સૌ સુજ્ઞ ધર્મપ્રેમી જ્ઞાતિજનોનો ઉમળકો આપણને પ્રાપ્ત થશે જ એવી અભ્યર્થના વ્યક્ત કરું છું. સારા કાર્યો કર્યા પછીની નવરાશ ચોમાસામાં નીકળતા ઉઘાડ જેવી મીઠી લાગે છે. આવો સૌ સાથે મળી સાત્વિકતાનો ઉઘાડ નવો માણીએ અને આનંદના ઓડકારને છૂટો મૂકી દઈએ. સત્ય, સુંદર અને શિવના સાનિધ્યમાં !!!

પ્રવિણ કોટક
પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 6
ઓક્ટોબર - 2017
અંક : 68
માસિક
શ્રી લોહાણા મહાપરિષદ

તંત્રી : પ્રો. [illegible]

વિભાગીય સંકલન :
[illegible]

[illegible]
[illegible], અમદાવાદ-380015.
ફોન : (079) 40091005
વેબસાઈટ : www.lohanamahaparishad.org

[illegible] : રૂ. [illegible]/-
[illegible] : રૂ. 4000/-
છૂટક નકલ કિંમત : રૂ. [illegible]/-

[illegible] વર્ષ : 19 [illegible] અંક : 227


સંપર્ક :
raghukulvishwa@gmail.com
([illegible])
lmppressrelease@gmail.com
([illegible])
shreelmpawards@gmail.com
([illegible])
jaymahaparishad@gmail.com
([illegible])

[illegible]

## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી સ્થાનેથી | ૪ |
| લોકાર્પણ : શ્રી ખીમજી ભગવાનદાસ ભાગવત અતિથિનિકેતન | ૫ |
| કાર્યાલય સમાચાર | ૯ |
| વિભાગીય સમાચાર | ૧૦ |
| મહિલા વિભાગ | ૧૬ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૬ |
| સાબાશ રઘુવંશી | ૧૯ |
| ષષ્ટીપૂર્તિ સમારોહ | ૨૦ |
| સંસ્થા સમાચાર | ૨૧ |
| માતૃવંદના મહોત્સવ - અપીલ | ૨૩ |
| સૌજન્ય જાહેરાત : શ્રી દિપકભાઈ ઠક્કર, અમદાવાદ. | ૨૪ |


# જાહેર આમંત્રણ





## શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સામૂહિક માતૃતર્પણ

માતૃગયા તીર્થ સિદ્ધપુર (જિ. પાટણ)

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ) થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭

ફક્ત રૂા. ૧૧૦૦૦/- ના અનુદાનથી પોથી નોંધાવવા માટે સંપર્ક સૂત્રો : (079) 40091005, 9909999309

તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ થી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સરસ્વતી નદીની પાવન ભૂમિમાં માતૃગયા તીર્થ સિદ્ધપુર મુકામે યોજનારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામૂહિક માતૃતર્પણના ભવ્યાતિભવ્ય ઉત્સવમાં દેશ-વિદેશમાંથી રઘુવંશી ભાઈબહેનો ઉત્સાહભેર તન, મન અને ધનથી સેવા આપવા માટે સંકલ્પિત થયા છે ત્યારે પોથી રજિસ્ટ્રેશન માટે પણ દેશ-વિદેશમાંથી અભૂતપૂર્વ સહકાર સાંપડી રહ્યો છે. દિવંગત માતાના તર્પણ અને હયાત માતાના માતૃવંદના મહોત્સવમાં રૂ. ૧૧,૦૦૦ ના અનુદાનથી કોઈ પણ સભ્ય આ ભગીરથ સેવાયજ્ઞમાં સહભાગી બની શકે છે.

- કાર્યાલય

**તંત્રી સ્થાનેથી**

# ધ ગુડ ઈઝ ગોડ

મહાત્મા ગાંધીજીએ "ધ ટ્રુથ ઈઝ ગોડ"ની વાત કરેલી અને પોતાના આચાર, વિચાર દ્વારા જીવનમાં ઉતારી માર્મિકતાથી ઈશ્વરીય શક્તિના મર્મને ઉદ્‌ઘાટિત કરી આપેલો. એ રીતે ઈશ્વરની શક્તિ વિશે વધુ ને વધુ વિચારતા જે કંઈ સારું છે તે બધું ઈશ્વરમય હોવાનું આપણે કહી શકીએ. આપણે "ધ ગુડ ઈઝ ગોડ" કહી શકીએ. જ્યાં ભલાઈ ત્યાં ભગવાન આવો અનુભવ થાય ત્યારે આપણામાં ભગવદ્‌ભાવ પ્રગટ્યો એમ કહી શકાય. જે સારું ન હોય તે કદીયે સારું ન જ હોય. સારપમાં સાચપ અંતર્હિત જ હોય. જેઓ મન, વચન અને કર્મથી સારું કરવા મથે છે તેઓ ઈશ્વરની જ સાધના કરે છે એમ આપણે કહી શકીએ. આપણે ભાગે જે કામ કરવાનું આવ્યું છે તે બને તેટલી ઉત્તમ રીતે કરવા નિષ્ઠાપૂર્વક પ્રામાણિકતાથી પ્રયત્ન કરીએ તો એવા પ્રયત્નમાં પરમાત્માની જ પૂજા હોવાનું આપણે કહી શકીએ.

આવું જ એક ભગવદ્‌ભાવ સાથેનું નિષ્કામ ઉમદા કાર્ય એટલે સોલા ભાગવત ખાતેનું "શ્રી ખીમજી ભગવાનદાસ ભાગવત અતિથિ નિકેતન" જેની એક વિંગનું લોકાર્પણ ગત ૨૮ ઓગસ્ટના રોજ પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા દ્વારા રઘુવંશી જ્ઞાતિજનો અને વૈષ્ણવજનો માટે થયું તેને "ધ ગુડ ઈઝ ગોડ"થી મુલવી શકાય. આપણા લાડલા નિષ્ઠાવાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈના પ્રયત્નો અને દાતાઓના ઉદાર દાનથી ખુબ જ સાત્વિક, ઋષિ પરંપરાવાળી પ્રાકૃતિક સૌંદર્ય સાથેની જગ્યામાં આધુનિક સગવડતા સાથેનાં ૭૦ રૂમો બની જ્ઞાતિજનો, વૈષ્ણવજનો માટે ઉપયોગ થશે, ત્યારે "સોના ભલામાં આપણું ભલું" હોવાની પૂ. પ્રમુખ સ્વામી મહારાજની વાત સાર્થક થયેલી જણાશે. ગુજરાતની રાજધાની અને વિશ્વ હેરિટેજ સીટી અમદાવાદમાં વિવિધ હેતુઓ માટે આવતા યાત્રાળુઓ, પ્રવાસીઓ, વેપારીઓ, દર્દીઓને મોંઘવારીના આ યુગમાં નજીવી પરવડે તેવી કિંમતે એ.સી. વાળી રૂમોમાં રહેવાનું અને જમવાની વ્યવસ્થા થશે. માત્ર એટલું જ નહિ પરંતુ આવનારા સમયમાં વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની પણ વ્યવસ્થા કરવાના આયોજનથી જાણે સોનામાં સુગંધ સિદ્ધ થશે.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણ વહેંચવાને બદલે વેચાઈ રહ્યું છે ત્યારે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ અને શિક્ષણ સમિતિના પ્રયત્નોથી જ્ઞાતિના દિકરા-દિકરીઓને IAS, IPSની તૈયારી માટે નિઃશુલ્ક કોચિંગની શરૂઆત પણ ખૂબ જ પ્રસંશનીય, સમયની માંગ મુજબ અત્યંત આવશ્યક પ્રવૃત્તિને "ધ ગુડ ઈઝ ગોડ"થી નવાજવી પડે કે નહીં ?!!

માતૃસંસ્થાની અન્ય એક ઈશ્વરીય અને ભગવદ્‌ભાવથી થતી સેવાકીય પ્રવૃત્તિ છે જ્ઞાતિના આર્થિક નબળા દર્દીઓને અમદાવાદ, મુંબઈ જેવા મોટા શહેરોમાં ઈલાજ માટેની આર્થિક સહાય તેમજ રહેવા-જમવા માટેની નિઃશુલ્ક સુવિધા આજ સુધીમાં જ્ઞાતિના ઘણા લોકોને અમદાવાદ ખાતે ઈમરજન્સીનાં કિસ્સામાં માતૃસંસ્થા સહાયભૂત બની છે. આપણા ખૂબ જ સેવાભાવી વડીલ અને ખજાનચી શ્રી હિંમતભાઈ કોટકની આ પ્રવૃત્તિ માટેની કાર્યશૈલી ખૂબ જ ઉદાહરણીય છે.

પર્યાવરણ સમિતિ શરૂથી જ ખુબ જ સક્રિય અને પ્રવૃત્ત છે. લગભગ દર મહિને કોઈના કોઈ કાર્ય અને ખાસ કરીને "વૃક્ષો વાવો ધરતી બચાવો"ના અભિયાન બદલ અધ્યક્ષશ્રી કિરીટભાઈ ભીખાણી અને ટીમના પ્રયત્નો સર્વ માટે પ્રેરણાદાયી અને મંગલકારી ભગવદ્‌ભાવ ગણાવીએ તો અસ્થાને નથી.

આ ઉપરાંત વેલેસેમિયા સમિતિ, પ્રોફેશનલ સમિતિ, લગ્નવિષયક સમિતિ, મહિલા સમિતિ અને અન્ય વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ દ્વારા પણ ઘણા સારા ઉપયોગી કાર્યો થઈ રહ્યા છે. ટૂંકમાં માતૃસંસ્થાના આ વિશાળ પરિવાર દ્વારા જનહિતાર્થે સદ્‌કાર્યોની સરવાણી ચાલુ રહે કે જેથી આપણે વારંવાર કહી શકીએ કે "ધ ગુડ ઈઝ ગોડ"!!!

\- પ્રો. ચંદ્રકાન્ત જે. તન્ના




# શ્રી ખીમજી ભગવાન સોલા ભાગવત અતિથિ નિકેતન એક વિંગનું પૂજ્ય ભાઈશ્રી અને મહાનુભાવો દ્વારા લોકાર્પણ સંપન્ન થયું



શ્રીનાથજી બાવાની અસીમ કૃપાથી અને પૂ.કૃષ્ણશંકર શાસ્ત્રીજીના આશીર્વાદથી તેમની તપોભૂમિ સમાન સોલા ભાગવત વિદ્યાપીઠ, સોલા અને શ્રી લોહાણા મહાપરિષદ / રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવનિર્મિત શ્રી ખીમજી ભગવાન સોલા ભાગવત અતિથિ નિકેતનના એક વિભાગ (વિંગ)નું લોકાર્પણ વરસાદી માહોલ વચ્ચે વિશ્વ પ્રસિદ્ધ ભાગવતાચાર્ય પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના વરદહસ્તે શ્રી ભાગવત ઋષિજીના પાવન સાનિધ્યમાં  અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતીનભાઈ પટેલ તેમજ ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાજીના મુખ્ય મહેમાન પદે, ગુજરાત પ્રદેશ ભાજપના કોષાધ્યક્ષ શ્રી સુરેન્દ્રભાઈ પટેલના મુખ્ય અતિથિ વિશેષ પદે તેમજ મુખ્ય દાતા ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટના શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી સતિષભાઈ વિઠલાણી તથા સર્વે ટ્રસ્ટીગણ મુંબઈથી પધારેલા શ્રી મહેન્દ્રભાઈ વેલાણી અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગત તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ સાંજે પાંચ કલાકે દબદબાભેર યોજાઈ ગયું.

બરાબર સાંજે ૫.૩૦ કલાકે ઉપરોક્ત સૌ દરેક મહાનુભાવના હસ્તે એક એક રૂમનું ઉદ્ઘાટન થયું. ત્યારબાદ પૂ.ભાઈશ્રીનો તિથિ પ્રમાણે જન્મદિવસ હોઈ, પર્યાવરણ સમિતિ દ્વારા પૂ.ભાઈશ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે સોલા ભાગવત ખાતે પ્રતિકાત્મક વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું અને










પૂ.ભાઈશ્રીની ષષ્ટિપૂર્તિ નિમિત્તે ૬૦ વૃક્ષોનું રોપણ અન્ય મહાનુભાવો દ્વારા કરાયું હતું.

અતિથિ નિકેતનના લોકાર્પણથી કુદરત પણ જાણે પોતાનો રાજીપો પ્રદર્શિત કરતા હોય તેમ ધીમી ધારે વરસાદ પણ ચાલુ રહેતા જાણે અમી છાંટણાથી પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત થયા હોય તેવી પ્રતિતિ થઈ અને ખુલ્લામાં તૈયાર કરાયેલા સ્ટેજને સ્વયંસેવકો દ્વારા વીસ જ મિનિટમાં ભોજન મંડપના પટાંગણમાં તૈયાર કરવામાં આવ્યો અને સાંજે ૯.૨૦ કલાકે સૌ મહેમાનોનું સભામંડપમાં આગમન થતાં કાર્યક્રમની વિધિવત શરૂઆત કરવામાં આવી.

માતૃસંસ્થાની પરંપરા મુજબ કાર્યક્રમની શરૂઆત રઘુકુળ ધ્વજવંદન ગીતથી થયા બાદ માતૃસંસ્થાના કર્મનિષ્ઠ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સ્વાગત પ્રવચનમાં સૌને ઉમળકાથી આવકાર્યા બાદ જણાવ્યું કે આજથી થોડા વખત પહેલાં આ પ્રોજેક્ટ હાથ ધરવા માટે મિટિંગોમાં, વ્યક્તિગત મુલાકાતોમાં વાત થતી ત્યારે સૌના મનમાં અનેક મુંઝવણો હતી. આ કાર્ય અઘરું છે, કેવી રીતે થશે, ક્યારે થશે, દાન કેમ મળશે ? જેવી દ્વિધાઓ વચ્ચે મક્કમતા રાખી કામ શરૂ કર્યું ત્યારે એક પછી એક દાતાઓનો જે હકારાત્મક પ્રતિસાદ સાંપડતો ગયો તેનાથી અમારી હિંમત વધતી ગઈ અને આજે આપણે કુલ ૭૦ રૂમોમાંથી એક વિભાગ (૨૦ જેટલા રૂમો)ની ખૂબ જ સુંદર સગવડતા






સાથે લોકાર્પણ કર્યું તે બદલ હું શ્રી ખીમજી ભગવાન ટ્રસ્ટ મુંબઈ તથા અન્ય સૌ દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. શબ્દોથી સ્વાગત બાદ નવનિર્મિત અતિથિ નિકેતન, સંચાલન સમિતિ, સભ્યશ્રીઓ સર્વશ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી ભાગવત ઋષિ, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી પી.કે. લહેરી, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી રશ્મિભાઈ મીઠાઈવાળાની તેમજ શ્રી ધવલ આચાર્ય દ્વારા પૂજ્ય ભાઈશ્રીના પુષ્પહાર દ્વારા આવકારી સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે સાથે ઉપસ્થિત સૌ મહેમાનોનું પણ સ્મૃતિ ભેટ દ્વારા બહુમાન કરાયા બાદ માતૃસંસ્થાના મહામંત્રી અને સોલા ભાગવત સંચાલક મંડળના સભ્ય યુવાન અને ઉત્સાહી શ્રી હિમાંશુ ઠક્કરે સોલા ભાગવત ખાતેના આ અતિથિ નિકેતનના વિચારથી માંડીને તેને મૂર્તિમંત સ્વરૂપ અપાયા સુધીની વિગતવાર માહિતી પોતાની આગવી શૈલીમાં રજૂ કરી ઇસ્કોન ગ્રુપના શ્રી પ્રવિણભાઈ કોટક અને શ્રી જયેશભાઈ કોટકનો ખૂબ જ ઝડપી રિડેવલપ કરવા માટે તેમજ રાજકોટના શ્રી ઉમેશભાઈ નંઢાણી પરિન ફર્નિચરનો તેમજ હરિકૃષ્ણમૂર્તિ ટાઈલ્સ અને સાકાર ગ્રુપનું હૃદયપૂર્વક આભાર માન્યો હતો.


આ પ્રસંગે ગુજરાતના ઉપમુખ્યમંત્રી શ્રી નીતીનભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં પોતાની પ્રસન્નતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ અતિથિ ભવન સમાજના વિવિધ વર્ગના લોકોને વિવિધ હેતુઓ માટે અમદાવાદ આવતા આશીર્વાદરૂપ સાબિત થશે. તેઓએ આવા સુંદર નવીનીકરણ માટે શ્રી પ્રવિણભાઈ કોટક અને સંચાલક ટીમ તેમજ સૌ દાતાઓના ઉમદા ભાવને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

દાતા ટ્રસ્ટ શ્રી ખીમજી ભગવાન ટ્રસ્ટ, મુંબઈ વતી શ્રી સતીષભાઈ વિઠલાણીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું કે મને પ્રથમ વખત પ્રવિણભાઈ આ સ્થળ જોવા લઈ ગયા ત્યારે એક અલગ જ પ્રકારની અનુભૂતિ થઈ અને જે ઉમદા હેતુ માટે તેનું નવીનીકરણનો પ્રસ્તાવ થયો તે જાણીને અમારા ટ્રસ્ટના સૌ સભ્યોએ એકી અવાજે સહયોગ આપવાનું નક્કી કર્યું અને આજે આ ભવનને મૂર્તિમંત થતું જોઈને અમારા ટ્રસ્ટનું દાન સંપૂર્ણ યથાર્થ ઠરશે તેવી તેમણે શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

મુંબઈથી ખાસ પધારેલા માતૃસંસ્થાના સલાહકાર તેમજ ઉમદા વ્યક્તિ સોલિસીટર શ્રી મહેન્દ્રભાઈ ચેવાણીએ પણ શ્રી પ્રવિણભાઈ અને ટીમને અભિનંદન આપતા જણાવ્યું કે શ્રી પ્રવિણભાઈ આપણને એક એવા પ્રમુખ પ્રાપ્ત થયા છે કે જે બીડું ઝડપે છે, જે પ્રકલ્પ હાથમાં લે છે તેને કોઈપણ ભોગે, કોઈપણ પરિસ્થિતિમાં પૂર્ણ કરવાની શક્તિ ધરાવે છે. મારા ભૂતકાળના અનુભવો અને સોલા ભાગવત અતિથિ નિકેતનનું આ ભવ્ય નજરાણું તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે તેમ તેમણે જણાવી પોતાના તરફથી રૂા. ૨૫ લાખના દાનની જાહેરાત કરી હતી.




પોતાના આશીર્વચનમાં ભાગવત ઋષિજીએ પોતાની

પ્રસન્નતા વ્યક્ત કરતા જણાવ્યું કે સોલા ભાગવતના સૌ ટ્રસ્ટી સંચાલકો તથા મહાપરિષદના શ્રી પ્રવિણભાઈ કોટક અને તેમની ટીમના સતત અને સઘન પ્રયત્નોથી આ પવિત્ર ભૂમિમાં આજે સુંદર અતિથિ નિકેતન સાકાર થઈ રહ્યું છે જે આવનારા સમયમાં સૌ વૈષ્ણવજનો અને ધર્મપ્રેમી લોકો માટે ખુબ જ ઉપયોગી અને આશીર્વાદરૂપ સાબિત થશે. આ પ્રસંગે તેમણે સૌ દાતાઓ અને આ ભગીરથ કાર્યમાં જોડાયેલા સેવાભાવી કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

પૂજ્ય ભાઈશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે અમદાવાદના ખૂબ જ પોશ વિસ્તારમાં પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીજીના આશીર્વાદ પામેલી આ પાવન ભૂમિમાં આ આધુનિક સગવડ સાથેનું અતિથિ નિકેતન સાકાર થઈ રહ્યું છે તે ખરેખર અભિનંદન અને બીરદાવવા યોગ્ય ઘટના છે. શ્રી પ્રવિણભાઈ કોટકને હું વર્ષોથી ઓળખું છું અને તેની શક્તિઓથી પૂરેપૂરો વાકેફ છું. અમારા આશ્રમમાં પણ ઓડિટોરિયમ તેમણે જ તૈયાર કરી આપ્યું છે જે અમારા વિસ્તારનું કદાચ સૌથી મોટું અને આધુનિક સગવડતા ધરાવતું ઓડિટોરીયમ છે. આ પ્રસંગે તેમણે આ અતિથિ ભવનના ઉમદા કાર્યમાં સહભાગી બનેલા સૌ દાનવીરો અને કાર્યકરોને બિરદાવ્યા હતા. વધુમાં પૂજ્ય ભાઈશ્રીએ જણાવ્યું કે મારું મારું કરીને માણસ અધમુવો બને છે પરંતુ તેને ખબર નથી કે આ શરીર પણ આપણું હોતું નથી. તેથી જીવનમાં જ્યારે જ્યારે કોઈ ભલાઈ કરવાનું, પરમાર્થનું કાર્ય કરવાનો મોકો મળે તો કરી લેવું જોઈએ. પોતાના તિથિ પ્રમાણેના જન્મ દિવસ પર તેમણે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી "ચલેં માનવતા કી ઓર"નો સંદેશ દુનિયામાં ફેલાવવાની હિમાયત કરી હતી.

આપ્રસંગે અમદાવાદ, વડોદરા, સુરત, સૌરાષ્ટ્ર, કચ્છ, નાગપુર વગેરે સ્થળેથી મોટી સંખ્યામાં હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન માતૃસંસ્થાના ઉદ્‌ઘોષક પ્રો. ચંદ્રકાન્ત તન્નાએ સુંદર રીતે કર્યું હતું.



## કાર્યાલય સમાચાર

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય પર કારોબારી સમિતિની પાટણ મુકામે યોજાનાર બેઠકની તૈયારી માટે તેમજ સિધ્ધપુર મુકામે યોજાનારા માતૃવંદના મહોત્સવની પૂર્વતૈયારી માટે માતૃસંસ્થાના સંયુક્ત મંત્રીશ્રીઓ તથા સક્ષમ કાર્યકર્તાઓની મિટિંગનું આયોજન કાર્યાલય પર તારીખ ૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે સભ્યોને પાટણ મુકામે યોજાનારી કારોબારી સમિતિની સંકલન માટેની જવાબદારીઓ સોંપવામાં આવી હતી. સર્વે સભ્યોને સિદ્ધપુર મુકામે યોજાનારા માતૃવંદના મહોત્સવ માટે પણ યોગ્ય સંકલન, સૌને યોગ્ય માહિતી તે માટે જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

સમસ્ત રઘુવંશી સમાજ પાટણના યજમાન પદે યોજાનારી આ કારોબારી સમિતિની બેઠકની તૈયારી માટે મંત્રી શ્રી હિમાંશુ ઠક્કર, સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર, શ્રી રઘુવીરભાઈ મહીયા એ તારીખ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ તેમજ ૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ પાટણની મુલાકાત લીધી હતી અને જરૂરી તૈયારી બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

તા. ૮ સપ્ટેમ્બરના રોજ માતૃવંદના મહોત્સવના આયોજનની તૈયારી રૂપે પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી જાનકીદાસ બાપુ, શ્રી પોપટભાઈ અખાણી, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી હિંમતભાઈ કોટક, શ્રી વિનોદભાઈ ગોકલાણી, શ્રી મનુભાઈ ગોકલાણી તથા અન્ય સભ્યોએ સિધ્ધપુર મુકામે આયોજીત શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞના સૂચિત સ્થળની મુલાકાત લીધી હતી અને સંપૂર્ણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

- શ્રી હર્ષદરાય ઠક્કર



તા. ૪ સપ્ટેમ્બર ૨૦૧૭ - મધ્યસ્થ કાર્યાલય



તા. ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ - પાટણ



તા. ૩ સપ્ટેમ્બર ૨૦૧૭ - પાટણ



તા. ૮ સપ્ટેમ્બર ૨૦૧૭ - સિદ્ધપુર

# વિદર્ભ સહ મધ્યભારત





તા. ૧૩-૮-૨૦૧૭ના રોજ રાજનાંદગાંવ તથા રાયપુર લોહાણા મહાજનની મુલાકાત લીધેલ તેમાં રાષ્ટ્રીય યુવા સમિતિના અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા વિભાગીય મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી, વિભાગીય જનસંપર્ક અધિકારી શ્રી ચંદ્રકાંત પોપટ, પર્યાવરણ સમિતિના વિભાગીય સંયોજક શ્રી સુરેશભાઈ વસાણી, પૂર્વ ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલીયા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લોહાણા મહાજન વાડી, રાજનાંદગાંવમાં શ્રી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી નાથાભાઈ રાયચાની અધ્યક્ષતામાં તેમજ ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઈ કાથરાણી, મંત્રી શ્રી લલિતભાઈ ઠક્કર, ટ્રસ્ટી શ્રી અજયભાઈ ભોજાણી, શ્રી સુરેશભાઈ કોટક, શ્રી દિલીપભાઈ બુધ્ધદેવ, શ્રી દિલીપભાઈ પૂજારા, મહિલા મંડળના પ્રમુખ સુશ્રી રીટાબેન પૂજારા, ઉપપ્રમુખ સુશ્રી રૂપાબેન કોટક, સુશ્રી દિવ્યાબેન નગઢીયા, સુશ્રી ગીતાબેન અણાત્રા, યુવક મંડળના પ્રમુખ શ્રી મનિષભાઈ સાહિતા, મંત્રી શ્રી ઈલેશભાઈ જાની, શ્રી પ્રવિણભાઈ ઠક્કર, શ્રી દિપકભાઈ આડતિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. તા. ૧૩-૮-૨૦૧૭ ના રોજ રાયપુર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી વિનયભાઈ નથવાણી, મંત્રી શ્રી દિપકભાઈ હીંડોચા, પૂર્વ પ્રમુખ શ્રી કિશનભાઈ મિરાણી, માર્ગદર્શક જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી ભરતભાઈ કોટેચા, શ્રી પ્રકાશભાઈ ચતવાણી, શ્રી નિલેશભાઈ પોપટ, શ્રી મહીપભાઈ કેસરીયા, યુવક મંડળના પ્રમુખ શ્રી મનીષભાઈ રાણા, શ્રી શૈલેષભાઈ ભીંડે, શ્રી હિતેશભાઈ પારપાણી, મહિલા મંડળના સુશ્રી ભાવનાબેન રાણા, સુશ્રી નયનાબેન પૂજારા ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૦-૮-૨૦૧૭ના રોજ ભંડારા મહાજનના પ્રમુખ શ્રી મધુરભાઈ ચોલેરા, પૂર્વ પ્રમુખ શ્રી છગનભાઈ સંઘાણી, મંત્રી શ્રી કિરણભાઈ વસાણી, શ્રી કિશોરભાઈ અઢીયા, શ્રી રાજેશભાઈ ઠકરાર, શ્રી વિજયભાઈ ઠક્કર, ડો. યોગેશભાઈ ચોલેરા, શ્રી શિવલાલભાઈ ચોલેરા, શ્રી સુરેશભાઈ માખવાણી, શ્રી દિપકભાઈ અઢિયા, શ્રી રાજેશભાઈ અટારા, શ્રી રૂપકભાઈ અઢિયા ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૦-૮-૨૦૧૭ના રોજ દુર્ગ શ્રી જલારામ મંદિરમાં લોહાણા મહાજનના પ્રમુખ શ્રી દિલીપભાઈ લાખાણી, ઉપપ્રમુખ શ્રી યોગેશભાઈ વિઠલાણી, રાજેશભાઈ રાજા, શ્રી મુકેશભાઈ મિરાણી, શ્રી વલ્લભભાઈ કારીયા, શ્રી કાંતિભાઈ સોમાણી મહિલા મંડળના સુશ્રી પૂનમબેન રાજા, સુશ્રી અનુબેન કારીયા, સુશ્રી ભાવનાબેન વિઠલાણી, સુશ્રી વિમલાબેન લાખાણી ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૦-૮-૨૦૧૭ના રોજ ભિલાઈ મહાજનના પ્રમુખ શ્રી રાજેશભાઈ નથવાણી, ઉપપ્રમુખ શ્રી શૈલેષભાઈ કોટેચા, મંત્રી શ્રી પંકજભાઈ રાજાણી, શ્રી દિલીપભાઈ કોટક, શ્રી દિનેશભાઈ કોટેચા, યુવક મંડળના શ્રી પ્રકાશભાઈ જસાણી, મહિલા મંડળના સુશ્રી નમ્રતાબેન દત્તાણી, સુશ્રી હર્ષાબેન નથવાણી, સુશ્રી ભક્તિબેન કોટેચા, સુશ્રી જયશ્રીબેન જસાણી, સુશ્રી રજનીબેન કોટક ઉપસ્થિત રહ્યા હતા.

વિભાગીય ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ શ્રી લોહાણા મહાપરિષદની જ્ઞાતિહિતમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ અને યોજનાઓ આરોગ્ય તથા શૈક્ષણિક બાબત તથા સિધ્ધપુરમાં આયોજિત શ્રીમદ્ ભાગવત કથાની જાણકારી આપેલ. યુવા સમિતિના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અજયભાઈ વડેરા દ્વારા યુવાઓ માટે વિવિધ યોજનાઓની જાણકારી આપેલ તથા વર્ષ ૨૦૧૮માં રાષ્ટ્રીય યુવા સંમેલન આપણા વિભાગમાં યોજવાની યોજના બાબતે જણાવેલ. વિભાગીય મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી દરેક સભાનું સુંદર સંચાલન તેમજ આભાર પ્રદર્શન જનસંપર્ક અધિકારી શ્રી ચંદ્રકાન્ત પોપટે કરેલ.

સંકલન : કમલેશભાઈ વસાણી, વિભાગીય મંત્રી વિદર્ભ સહ મધ્યભારત







**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

*With Best Regards,*

**Suresh Chandarana**
Vice President, Saurashtra Zone

**DHAVAL AGRI EXPORTS**
Sesame Seeds, Peanuts & Spices Exporter
A-75, Market Yard, Rajkot (Bedi) - 3 Gujarat - India
PH.: +91 - 281 - 2790291 / 2790292 / 2790293
FAX : +91-281-2790294 • Cell : +91-98240 66378
Email : suresh@dhavalagri.com • Website : www.dhavalagri.com

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
98251 75353

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

**Gadhiya Travelhub Pvt. Ltd.**
Always at your service...
079 4008 2288

OUR SERVICES
- Domestic & International Air Tickets
- World Wide Hotel Booking
- Car & Bus on Rent
- Passport, Visa & Travel Insurance Assistance
- Rail & Bus Tickets
- Domestic & International Tour Packages

Address: UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



## ધવલ આચાર્ય

Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ ગુજરાત વિભાગ

કન્વીનર
કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

Royal House Opp. Karnavati Club, S.G. Highway, Ahmedabad-15
Mail Id : dhaval@royalinfra.com +91-9879100000, +91-9825250403

## હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી**
**પરિવાર, કોલકાતા**



# થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...


હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

JTC

**Jalaram Transport Co.**

FLEET OWNERS TRANSPORT CONTRACTORS & COMMISSION AGENT

H.O : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482165 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

**Himanshu Thakker** 9879301004 / 9374001004
(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakkar.com

**Expert Educate Pvt. Ltd.**
- Career Counselling - Training - Publications

Hon. Services
- Shree Lohana Mahaparishad
- Shree Kutch Vagad Lohana Mahajan
- Ahmedabad Lohana Mahajan Vadi
- Shree Akhil Guj. Kutch Vagad Lohana Mahajan
- Shree Kutchi Samaj, Ahmedabad
- Green Organ Donor's Foundation

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી પ્રવીણભાઈ કાનાબાર
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી હરેશભાઈ મુડિયા
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી દિનેશભાઈ પવાણી
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી જીતુભાઈ તન્ના
પરિવાર, મસ્કત

ADVOCATE

+91 94284 17965

**SHYAMAL KIRIT BHIMANI**
B.com., LL.B. (HONS.)
Advocate, Gujarat High Court

406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60

E-mail : shyamalbhimani.adv@gmail.com




HARSH CLEAN DHAN PVT. LTD.
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 170, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001 Mob. ... Email : nagpurwoosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી દિનેશભાઈ મારફતિયા**
**પરિવાર, જામનગર**

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિષ્ના સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટી: શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ કિશોરભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયાળી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડીંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ભરતભાઈ કોટક**
**અધ્યક્ષ, સ્થાયી સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી ધર્મેશભાઈ હરિયાણી**
**અધ્યક્ષ, શિક્ષણ સમિતિ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી પિયુષભાઈ ગંઢા**
**મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ**

હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી નિલેષભાઈ કોટક**
**પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના**


માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -


# જાહેર આમંત્રણ

## શ્રી લોહાણા મહાપરિષદ
### રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ
### આયોજિત





# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ
# સામૂહિક માતૃતર્પણ



## માતૃગયા તીર્થ સિધ્ધપુર (જિ. પાટણ)

**તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ (લાભપાંચમ) થી તા.૧ નવેમ્બર, ૨૦૧૭**

## કાર્યક્રમની રૂપરેખા

**પ્રારંભ**
તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવાર
કારતક સુદ પાંચમ (લાભપાંચમ)

**શોભાયાત્રા**
તા.૨૫ ઓક્ટોબર, ૨૦૧૭ બુધવાર
કારતક સુદ પાંચમ (લાભપાંચમ)

**સામૂહિક માતૃતર્પણ તથા આનુષ્ઠાનિક ૧૦૮ કુંડી યજ્ઞ**
તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર, કારતક સુદ બારસ

**સમાપન**
તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ બુધવાર , કારતક સુદ બારસ

- રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંતો, મહંતોની ઉપસ્થિતિમાં દરરોજ ચાર કલાક શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન
- વિશેષ રૂપે નિર્મિત માતૃમંદિરમાં ઋષિકુમારો / ભૂદેવો દ્વારા પોથીપૂજન તથા દરરોજ સાંજે માતૃસંસ્થાના મંચ ઉપર વિવિધ સાંસ્કૃતિક / સામાજિક / ધાર્મિક કાર્યક્રમોનું આયોજન.
- રૂા. ૧૧,૦૦૦/- ના અનુદાન થકી કોઈ પણ સભ્ય (સર્વજ્ઞાતિય) પોતાની માતાના નામે નામ નોંધાવી માતૃતર્પણ માટે રજિસ્ટ્રેશન કરાવી શકે છે. રજિસ્ટ્રેશન સાથે આપની માતાનો પોસ્ટકાર્ડ સાઈઝનો ફોટો તથા ફોર્મમાં જણાવેલ જરૂરી વિગત આપવી અનિવાર્ય છે.

---

**બેંકની વિગત**

આપના અનુદાનનો ચેક "આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ"ના નામનો લખવો. બેંકનું નામ : કોટક મહિન્દ્રા બેંક
★ ખાતાનું નામ : આરસીટી શ્રીમદ્ ભાગવત કથા સમિતિ ★ ખાતા નંબર : 0512439940 ★ આઈએફએસ કોડ : KKBK0002582

---

**આપના સતત સાથ સહકાર અને આશીર્વાદની અપેક્ષા સહ....**

| | | | |
|---|---|---|---|
| હિંમત કે. કોટક | યોગેશ એસ. લાખાણી -ગવર્નર | પ્રવિણ ટી. કોટક - પ્રમુખ | હિમાંશુ બી. ઠક્કર |
| નીતીન જી. પાંધી | પરેશ પી. ભૂપતાણી | ઉમંગ એચ. ઠક્કર | પિયુષ જી. ગંડા |
| ખજાનચીઓ | વાઈસ ગવર્નર | વરિષ્ઠ ઉપપ્રમુખ | મંત્રીઓ |

---

મધ્યસ્થ કાર્યાલય : ઇસ્કોન મેગા મોલ, સેલર, એક્ઝીટ ગેટ પાસે, ઇસ્કોન મંદિરની બાજુમાં, એસ. જી. હાઈવે, અમદાવાદ-380059.

**Help Line : (079) 4009 1005, 9909999309**

# કચ્છ વિભાગ



શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક તારીખ ૧૦ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ બે દિવસ માતૃસંસ્થાના કચ્છ વિભાગની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ કચ્છ વિભાગના લોકો સુધી માતૃસંસ્થાની સેવાઓ પહોંચે તથા માતૃસંસ્થાના આગામી પ્રોજક્ટ ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે નવીની કરણ પામી રહેલ શ્રી ખીમજી ભગવાન ભાગવત અતિથિ ભવન અને શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ - સામૂહિક માતૃતર્પણમાં વધુમાં વધુ કચ્છ વિભાગથી પોથી નોંધાય તે હતો. તા. ૧૦-૮-૨૦૧૭ના રોજ મુંદ્રા ખાતે શ્રી મુંદ્રા લોહાણા મહાજનની સમગ્ર ટીમ સાથે એક મિટિંગનું આયોજન કરેલ હતું. જેમાં સર્વે જ્ઞાતિજન તરફથી વધુમાં વધુ પોથી નોંધાય તેવી બાંહેધરી મળી હતી.



ગાંધીધામ ખાતે નૂતન લોહાણા મહાજન વાડી મધ્યે રાત્રે ૯.૦૦ કલાકે મીટિંગનું આયોજન કરેલ હતું. જેમાં ગાંધીધામ, આદિપુર, અંજાર, ભચાઉના લોહાણા મહાજનના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યો તથા જ્ઞાતિ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સૌ કોઈને માતૃસંસ્થાની યોજનાઓ વિશે માહિતગાર કરાયા હતા તથા એજ્યુકેશન, મેડિકલ, થેલેસેમિયા જેવી સેવાઓની માહિતી આપી હતી. આ મિટિંગમાં વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે. સી. ઠક્કર, ગાંધીધામ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી કાંતિભાઈ આચાર્ય, આદિપુર લોહાણા મહાજનના પ્રમુખ નિલાબભાઈ આદીયા, ભચાઉ લોહાણા મહાજનના પ્રમુખ ભરતભાઈ પુજારા તથા લોહાણા જ્ઞાતિના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૧૧ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ સવારે ચા-નાસ્તો કરીને સમગ્ર ટીમ ભુજ રવાના થઈ હતી. જ્યાં કતીરા પાર્ટીપ્લોટ ખાતે મિટિંગનું આયોજન કર્યું હતું. જેમાં ભુજ, માધાપર, માંડવી, નખત્રાણા, નલીયા, લખપત તથા આજુબાજુના સર્વે તાલુકાના મહાજન પ્રમુખો તેમજ જ્ઞાતિ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિભાગીય ઉપપ્રમુખશ્રી કે. સી. ઠક્કર, મહિલા સમિતિના સુશ્રીઅધ્યક્ષ નીમાબેન આચાર્ય, ગુજરાત વિભાગના યુવા અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્ય, ભુજ લોહાણા મહાજનના પ્રમુખ શ્રી કિરણભાઈ ગણાત્રા, માધપર લોહાણા મહાજન ટ્રસ્ટીશ્રી શશીકાંતભાઈ ઠક્કર માંડવી લોહાણા મહાજનના પ્રમુખશ્રી હરેશભાઈ ગણાત્રા, નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ અને કચ્છ વિભાગના શ્રી રઘુકુળ





મિત્રના કોઓર્ડીનેટર રાજેશભાઈ પલણ વગેરે હાજર રહ્યા હતા. સર્વે હોદ્દેદારોએ પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે ભુજ મધ્યે પર્યાવરણ સમિતિ કચ્છ વિભાગ દ્વારા વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

આજ રોજ સાંજના ૫.૦૦ કલાકે સામખીયારીમાં મિટિંગ યોજી હતી જેમાં વાગડ વિસ્તારના ગામો જેવા કે રાપર, ભચાઉ, સામખીયારી તથા આસપાસના તમામ ગામો માંથી જ્ઞાતિ શ્રેષ્ઠીઓ હાજર રહ્યા હતા. રાપર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રસિકલાલ આદુઆણી, ભચાઉ તાલુકા લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ પુજારા, સામખીયારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ધીરૂભાઈ કારીયા વગેરે હાજર રહ્યા હતા.

આ રીતે સમગ્ર કચ્છનું અને દરેક મહાજનનું પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે સંબોધન કરી બધા સાથે આત્મીયતા કેળવી હતી. અને આ વિભાગમાંથી માતૃસંસ્થાની યોજનાઓની માહિતી વિગતવાર આપી હતી. જેમાં ખાસ તાજેતરમાં નવીનીકરણ થઈ રહેલ શ્રી ખીમજી ભગવાનદાસ ભાગવત અતિથિ ભવન તથા તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૭ થી ૧ નવેમ્બર ૨૦૧૭ સુધી યોજાનાર શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ - સામૂહિક માતૃતર્પણ અને માતૃવંદના મહોત્સવમાં સૌનો સાથ સહકાર મળી રહે તેવી સૌને અપીલ કરી હતી.

**- કે. સી. ઠક્કર, ગાંધીધામ**





# મહિલા વિભાગ

શ્રી ડોંબિવલી લોહાણા સમાજના આંગણે લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ મુંબઈ સહ મહારાષ્ટ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ડોંબિવલી લોહાણા સમાજ મહિલા સમિતિ દ્વારા સમાજના સભાગૃહમાં તા.૧૯-૮-૨૦૧૭ના લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ, મુંબઈ સહ મહારાષ્ટ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં પચાસ મહિલાઓએ ભાગ લીધેલ હતો.

મહિલા સમિતિના રશ્મિબેન - જ્યોતિબેને મહિલા ઉત્કર્ષ અને સમાજ વિકાસ માટે ખૂબ જ સુંદર માહિતી આપી હતી જેમાં રાજુલબેન રાજાબેન (એમ.ડી.) દ્વારા કેન્સર મુક્ત નારી - નિરોગી સમાજ - તંદુરસ્ત ભવિષ્ય વિષે માર્ગદર્શન આપેલ હતું અને આનંદ, ઉત્સાહપૂર્વક કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

## સ્થાયી સમિતિઓના અહેવાલ

### પ્રોફેશનલ સમિતિ



રાજકોટ ખાતેના બેન્કીંગ રીક્રુટમેન્ટ સેમિનારમાં લોહાણા સમાજનું યુવાધન ઉમટી પડ્યું. લોહાણા મહાપરિષદ - મહાજન અને યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સેમિનારમાં ઉપયોગી મટિરીયલ્સ પણ નિઃશુલ્ક અપાયું.

અમૂલ્ય માર્ગદર્શન બાદ પ્રશ્નોત્તરી દરમ્યાન તજજ્ઞો દ્વારા સચોટ - માહિતીપ્રદ જવાબો અપાયા. વિવિધ નેશનલાઈઝડ બેન્કસમાં આવેલી ક્લાર્કસ તથા પ્રોબેશનરી ઓફિસર્સની આશરે ૨૩ હજાર જેટલી ભરતી સંદર્ભે રાજકોટ ખાતે લોહાણા મહાપરિષદ પ્રોફેશનલ કમિટી રાજકોટ લોહાણા મહાજન તથા લોહાણા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે કાશ્મીરાબેન નથવાણીના અધ્યક્ષસ્થાને બેન્કીંગ રીક્રુટમેન્ટ સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લોહાણા સમાજનું યુવાધન આતુરતાપૂર્વક ઉમટી પડ્યું હતું.

હાજર રહેલ સેંકડો નોકરીવાંચ્છુઓને પરીક્ષાની તૈયારી માટે લેટેસ્ટ ઉપયોગી મટીરીયલ્સ પણ નિઃશુલ્ક અપાયું હતું. અમૂલ્ય માર્ગદર્શન બાદ પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી જેમાં હાજર રહેલ તજજ્ઞો ડી.પી. ચંદારાણા (જનરલ મેનેજર - સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્ક), એમ.કે. ચંદારાણા (ચીફ લાયેઝન ઓફિસર - સૌરાષ્ટ્ર ગ્રામીણ બેન્ક), જીતેશભાઈ જોષી, અંકિતભાઈ માંકડ, ડો. પરાગભાઈ દેવાણી વિગેરે દ્વારા સચોટ અને માહિતીપ્રદ જવાબો અપાયા હતા.

બેન્કીંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કઈ રીતે કરવી, ક્યા મટીરીયલ્સ વાંચવા, અરજી ફોર્મ કઈ રીતે ભરવા, પરીક્ષામાં જવાબો કઈ રીતે લખવા, કેવા-કેવા પ્રશ્નો પૂછાઈ શકે વિગેરે બાબતે તજજ્ઞો દ્વારા વિસ્તૃત અને ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી.

હાજર રહેલ મહાનુભાવો કાશ્મીરાબેન નથવાણી, રમેશભાઈ ધામેચા, વીણાબેન પાંધી, યોગેશભાઈ જસાણી, ડૉ. ભાવેશભાઈ સચદે, ડૉ. નિતિનભાઈ રાડીયા, રીટાબેન કોટક, હિતેષભાઈ પોપટ, પરેશભાઈ તન્ના, પ્રકાશભાઈ સૂચક, ભૂપેન્દ્રભાઈ કોટક, સંજયભાઈ કક્કડ, હંસાબેન ગણાત્રા વિગેરેના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. છટાદાર અને આગવી શૈલીમાં સમગ્ર સેમિનારનું સંચાલન રાજકોટ લોહાણા મહાજનના ટ્રેઝરર અને પ્રોફેશનલ કમિટીના સભ્ય ડૉ. પરાગભાઈ દેવાણી દ્વારા કરવામાં આવ્યું હતું.





- શિલ્પાંગ કારીયા, અધ્યક્ષ
- પરાગ દેવાણી

# પર્યાવરણ સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ તથા ષષ્ટિપૂર્તિ સેવા સમિતિ દ્વારા આયોજિત પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના ષષ્ટિપૂર્તિ સમારોહ નિમિત્તે તથા સોલા ભાગવત ખાતે નવનિર્મિત અતિથિ ભૂવનના લોકાર્પણ પ્રસંગે આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ પૂ.રમેશભાઈ ઓઝાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ જેમાં કેન્દ્ર સરકારના મંત્રી શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, સૌરાષ્ટ્ર વિભાગના ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ ઠક્કર, રાષ્ટ્રીય ખજાનચી શ્રી અક્ષયભાઈ ઠક્કર, ગુજરાત વિભાગના ઉપાધ્યક્ષ શ્રી રવિભાઈ ઠક્કર, મંત્રી શ્રી નિલેશભાઈ ઠક્કર, સૌરાષ્ટ્ર વિભાગના સહમંત્રી તૃપ્તિબેન રાજવીર વસંતભાઈ ઠક્કર તથા વિજયભાઈ ઠક્કર તેમજ રઘુવંશી સમાજ તેમજ વિવિધ રાજકીય સામાજીક અગ્રણીઓની હાજરીમાં યોજાયેલ.



તા.૪-૮-૧૭ના રોજ પર્યાવરણ સમિતિ "વૃક્ષો વાવો, ધરતી બચાવો- ૨૦૧૭" અભિયાન અંતર્ગત રાજકોટ ખાતે વૃક્ષારોપણ વિતરણ કાર્યક્રમનું આયોજન થયેલ. આ કાર્યક્રમમાં શ્રીમતી તૃપ્તિબેન રાજવીર, શ્રી હરિશભાઈ રૂપારેલિયા, શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી, શ્રી મિતલભાઈ ખેતાણી, શ્રી મનીષભાઈ રાડિયા, શ્રી કે.ડી. હપાણીયા, શ્રીમતી હંસાબેન મોકરિયા, શ્રી ભરતભાઈ કોરાટ, પ્રો. પંકજભાઈ રાયજાદા, પ્રો. હેમાલી રૂપારેલિયા, શ્રી ઉમેશભાઈ શેઠ, શ્રી કમલેશભાઈ મિરાણીએ, શ્રીમતી મીનાબેન પારેખ, શ્રી અતુલભાઈ રાજાણી તથા અન્ય અગ્રણીઓ હાજર રહેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા સૌને અભિનંદન પાઠવવામાં આવેલ.



તા.૫-૮-૧૭ના રોજ પર્યાવરણ સમિતિના સંયુક્ત મંત્રી શ્રી ભરતભાઈ રાજદે દ્વારા ભુજની લાયન્સ હોસ્પિટલ ખાતે ૬૮મા મહોત્સવ પર "વૃક્ષો વાવો, ધરતી બચાવો-૨૦૧૭" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૯-૮-૧૭ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી તથા એનીમલ વેલ્ફેર બોર્ડના ડાયરેક્ટર શ્રી મીતલભાઈ ખેતાણીના જન્મ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ વિતરણ કાર્યક્રમનું આયોજન રાજકોટ મહાનગર ભાજપના અધ્યક્ષ શ્રી કમલેશભાઈ મિરાણી રાજકોટ લોહાણા મહાજનના પ્રમુખ શ્રીમતી કાશ્મીરાબેન નથવાણી પર્યાવરણ સમિતિના હોદેદારો શ્રી શૈલેષભાઈ ગોવાણી (ઠક્કર), તૃપ્તિબેન રાજવીર તથા હરીશભાઈ રૂપારેલીયા તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વિવિધ સામાજિક અને સેવાભાવી સંસ્થાના અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવેલ જેમાં હાજરી આપી. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા સૌને અભિનંદન પાઠવવામાં આવેલ.





તા.૧૧-૮-૧૭ના રોજ ભુજ લોહાણા મહાજનની સભા દરમ્યાન શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી કે.સી. ઠક્કર, શ્રીમતી નીમાબેન આચાર્ય તથા અન્ય હોદેદારોનું ચંદનના રોપા આપીને સ્વાગત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિના શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી દિલીપભાઈ ઠક્કર તથા પર્યાવરણ સમિતિ કચ્છ વિભાગના સભ્યોએ હાજરી આપેલ.

તા.૧૫-૮-૧૭ના રોજ અમદાવાદ ખાતે ધુમા નર્સરીના ઉદ્‌ઘાટનના અવસર પર શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી ધર્મેશભાઈ હરિયાણી તથા શ્રી લોહાણા મહાપરિષદના ઉપસ્થિત હોદેદારો દ્વારા પ્રતિકાત્મક વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨૧-૮-૧૭ના રોજ થાણેના રાજપુર ખાતે રોટરી ક્લબ થાણે તથા પર્યાવરણ સમિતિના વાસંતીબેન ઓકાણી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૨૭-૮-૧૭ના રોજ લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા માધાપરના વયસ્ક વિશ્રામગૃહમાં ૨૦ જેટલા વિવિધ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભરત રાજદે, પ્રિતમ સાયતા, ભરત રાણા, ધીરજ રતાણી, હેમંત ઠક્કર, પ્રવિણ ઉદેચા, હિતેશ મજીઠીયા, સાગર રાજદે, મહેશ મિરાણી, નરેન્દ્ર ઉદેચા, અંકુર રાજદે, સુરેશ ઠક્કર, દિલીપ ભીંડે, નરેન્દ્ર મિરાણી, મનોજ ઠક્કર સહિતના અગ્રણીઓ જોડાયા હતા. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા સૌને અભિનંદન પાઠવવામાં આવેલ.



તા.૨૮-૮-૧૭ના રોજ પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મહારાષ્ટ્ર વિભાગ લોહાણા મહાજન, મહિલા મંડળ, યુવક મંડળ દ્વારા ગોંદિયા ખાતે ચંદનના બીજ વન વિભાગ ગોંદિયાના અધિકારીઓને આપવામાં આવેલ. આ કાર્યક્રમનું આયોજન અજયભાઈ વડેરા દ્વારા કરવામાં આવેલ.

પર્યાવરણ સમિતિના ઇકો ફ્રેન્ડલી ગણપતિના કોલને ભારતભરમાં ખુબ આવકારવામાં આવ્યો. થાણેમાં પણ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા ગણપતિ દાદાની ઇકો ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવવામાં આવેલ જે કાર્યક્રમનું સંકલન વાસંતીબેન ઓકાણી દ્વારા કરવામાં આવેલ.

તા.૨-૯-૧૭ના રોજ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ગોંડલ ખાતે "ક્લાઈમેટ ચેન્જ એક્સપ્રેસ ટ્રેન"ની મુલાકાતનું આયોજન વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલ. તેમને ગ્લોબલ વોર્મિંગ, ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણ સંરક્ષણ, બાયોડાયવર્સિટી તથા સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવેલ. આ કાર્યક્રમનું સંકલન શ્રી પ્રકાશભાઈ ઠકરાર, શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા તથા શ્રી રવિરાજભાઈ ઠકરાર દ્વારા કરવામાં આવેલ.










છેલ્લા ૧૩ વર્ષથી જીવરાજ પાર્ક વિસ્તારમાં કાર્યરત જય માતાજી મિત્ર મંડળ - જીવરાજ પાર્ક તરફથી સાર્વજનિક ગણેશોત્સોવ - ૨૦૧૭માં આ વખતે પર્યાવરણ પ્રેરિત ઇકો ફ્રેન્ડલી ગણપતિબાપાની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં તારીખ ૪ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ મહાઆરતીમા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સંયુક્ત મંત્રી શ્રી હર્ષદરાય ઠક્કર, સહમંત્રી શ્રી ભવાનભાઈ કોટક તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રી જીતુભાઈ ઠક્કર અને પર્યાવરણ સમિતિના અધ્યક્ષ કિરીટ ભિમાણી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પર્યાવરણ સમિતિ વતી જય નાથોરાએ કર્યું હતું.

- કિરીટભાઈ ભિમાણી

## વાત્સલ્ય સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ, મુંબઈ સહ મહારાષ્ટ્ર વાત્સલ્ય સમિતિના ઉપક્રમે યોજાયેલ "બેટી બચાઓ, બેટી પઢાવો"નો કાર્યક્રમ માલેગાંવ લોહાણા સમાજના સહયોગ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો. આ કાર્યક્રમ માલેગાંવ ખાતે તા. ૨૩-૭-૨૦૧૭ના રોજ માલેગાંવ લોહાણા સમાજની સ્થાપનાને ૧ વર્ષ પૂર્ણ થયું તે પ્રસંગે માલેગાંવ સમાજના સ્નેહ સંમેલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓના પ્રોત્સાહક સન્માન પ્રસંગે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આકોલાથી ખાસ પધારેલ શ્રીમતી સોનલબેન પવનભાઈ ઠક્કર કે જેઓ "બેટી બચાઓ, બેટી પઢાવો"ના પ્રચારક છે, તેમણે તેમના સુંદર અને હૃદયસ્પર્શી અભિનય દ્વારા જ્ઞાતિજનોને પ્રેરણાદાયક સંદેશ આપ્યો હતો કે દીકરીઓ પ્રત્યે વાત્સલ્યભાવ કેળવી યોગ્ય ઘડતર કરવું જોઈએ. માલેગાંવ સમાજના બાળકો દ્વારા સંસ્કૃતમાં શ્લોક પઠન તેના ભાવાર્થ સાથે ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યા હતા. માલેગાંવ સમાજની બહેનો સાથે વિચાર વિમર્શ કરતાં તેમણે સમાજની પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી અને તેમણે શ્રી લોહાણા મહાપરિષદ તથા સમિતિના કાર્યોમાં જોડાવવાની તત્પરતા દેખાડી. મુખ્ય અતિથિ, નાસિક મહાજનના ટ્રસ્ટી શ્રી જગદીશભાઈ કાપડીયાએ પ્રસંગોચિત વક્તવ્ય આપી સર્વેને ઉત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે નાસિક તથા ધુળીયા મહાજનના પ્રમુખશ્રીઓ, પદાધિકારીઓ તથા ટ્રસ્ટીજનોએ હાજર રહી સર્વેને પ્રોત્સાહિત કર્યા હતા. વાત્સલ્ય સમિતિ દ્વારા માલેગાંવ સમાજનું સ્મૃતિચિન્હ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. વાત્સલ્ય સમિતિના મુંબઈ સહ મહારાષ્ટ્રના શ્રીમતી મીનાબેન ઠક્કરે તેમના વક્તવ્યમાં મહાપરિષદ તથા વાત્સલ્ય સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી અને માલેગાંવ સમાજના પૂર્વપ્રમુખ શ્રી કિશોરભાઈ કુટમુટીયા, નવા વરાયેલા પ્રમુખ શ્રી રાજેશભાઈ દત્તાણી, પદાધિકારીઓ, ટ્રસ્ટીશ્રીઓ, મહિલા મંડળની બહેનો અને શ્રીમતી ગીતાબેન જોબનપુત્રા તથા સર્વે જ્ઞાતિજનોનો શ્રેષ્ઠ આયોજન તથા સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. મુંબઈ તથા અન્ય વિવિધ સ્થળોથી વાત્સલ્ય સમિતિના સભ્યો શ્રી પ્રકાશભાઈ માખેચા, શ્રીમતી ભાવનાબેન માખેચા, શ્રીમતી કિર્તીદાબેન દાસાણી, શ્રીમતી અંજનાબેન જોબનપુત્રા, શ્રીમતી વર્ષાબેન તન્ના, શ્રી રસિકભાઈ તથા શ્રીમતી જ્યોતિબેન લાખાણી, શ્રી હેમંતભાઈ દત્તાણી વગેરેએ કાર્યક્રમમાં સહયોગ આપ્યો હતો.

- મીનાબેન ઠક્કર

## શાબાશ રઘુવંશી


માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ખૂબ ખૂબ અભિનંદન



**શ્રી શીરૂભાઈ પુરષોત્તમભાઈ ઠક્કર, રાધનપુર**

શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજનના પ્રમુખ તરીકે નિયુક્ત થવા બદલ શ્રી લોહાણા મહાપરિષદ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

**શ્રી રોહન પ્રભુલાલ ઠક્કર**, જે જાણીતા વૈજ્ઞાનિક, પક્ષીવિદ અને પર્યાવરણવિદ ડૉ. પી.એસ. ઠક્કરના પુત્ર છે. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઓફ બોટની, બાયોઇન્ફોર્મેટિક્સ એન્ડ ક્લાઈમેટ ચેન્જ ઈમ્પેક્ટ મેનેજમેન્ટ, યુનિવર્સિટી સ્કૂલ ઓફ સાયન્સમાંથી "સ્ટડી ઓફ ક્રોમોફોરીક ડીસોલ્વ્ડ ઓર્ગેનિક મેટર ફ્રોમ ઇન સીટુ એન્ડ રિમોટ સેન્સિંગ મેઝરમેન્ટ્સ ઇન કોસ્ટલ એન્ડ ઓપન ઓસન વોટર્સ ઓફ ઇન્ડિયા" વિષય પર ડો. હિતેશ એ. સોલંકીના માર્ગદર્શન હેઠળ અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર, ઇસરોના પ્રોજેક્ટમાં કાર્ય કરીને સંશોધન પૂર્ણ કરી પી. એચ.ડીની ડીગ્રી પ્રાપ્ત કરવા બદલ માતૃસંસ્થાના ખૂબ ખૂબ અભિનંદન





માતૃસંસ્થાના મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી અને ઉદ્‌ઘોષક પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્નાના સુપુત્ર **કાવ્ય તન્ના** ગુજરાત સરકાર દ્વારા આયોજિત કલા મહાકુંભ સ્પર્ધામાં ૧ થી ૧૦ વર્ષની કેટેગરીમાં તા.૩૧-૮-૨૦૧૭ના રોજ બરોડા ખાતે યોજાયેલ ગુજરાત રાજ્ય મધ્યઝોન સ્પર્ધામાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરવા બદલ માતૃસંસ્થાના ખૂબ ખૂબ અભિનંદન...

# षष्टिपूर्ति समारोह



પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના જીવનપથના ૬૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં જીએમડીસી કન્વેન્શન હોલ, અમદાવાદ મુકામે શ્રી પ્રવિણભાઈ કોટકના યજમાનપદે ત્રિદિવસીય ષષ્ટિપૂર્તિ સમારોહનું ભવ્યાતિભવ્ય આયોજન અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થયું. તા.૨૯ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ જામનગરના સુશ્રી હેતલબેન ચાંદ્રા દ્વારા નિર્મિત પૂજ્યભાઈ શ્રીની ભાવવાહી ચિત્રાવલીનું અનાવરણ પૂજ્ય ભાઈશ્રીના કરકમળો દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા અન્ય સંતો મહંતો, રાજનેતાઓ તથા સમાજશ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં થયું.





બપોરે ૪.૦૦ કલાકે કન્વેન્શન હોલમાં સાંદિપનીના ઋષિકુમારો દ્વારા વેદગાનથી કાર્યક્રમની શરૂઆત થઈ. ષષ્ટિપૂર્તિ સેવા સમિતિના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ કોટકે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું અને પોતાના પરિવારને આ સમારોહમાં નિમિત્ત બનવાનો મોકો મળ્યો તે બદલ ધન્યતા અનુભવી હતી. ષષ્ટિપૂર્તિસમારોહના સંયોજક શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આ સમારોહના ઉદ્દેશ અને આયોજન અંગેની રૂપરેખાઓ આપી સૌને માહિતગાર કર્યા હતા. આદરણીય શ્રી વિજયભાઈ રૂપાણી, શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા, શ્રી વજુભાઈ વાળા, પૂ.બ્રહ્મવિહારી સ્વામી, પૂ.પરમાત્માનંદજી મહારાજ, શ્રી લોકેશમુનિજી અને શ્રી વ્રજરાજકુમારજી દ્વારા આ જ્ઞાનસત્રમાં "ચલે માનવતા કી ઓર" વિચારધારા પર પ્રસ્તુત કરાઈ હતી. શ્રી ચીમનલાલ અગરવાલ પરિવાર દ્વારા સુંદર ભોજન પ્રસાદનું આયોજન થયું હતું. ભોજન પ્રસાદ બાદ રાત્રે ૯.૦૦ કલાકે આયોજિત સાંસ્કૃતિક સત્રમાં સચિન મહેતા દ્વારા દિગ્દર્શિત આદ્ય કવિ ભક્ત નરસિંહ મહેતાના જીવન પર ચતુષ્પરિમાણિય પ્રસ્તુતિ "વૃક્ષમાં બીજ તું" એ સૌના મન મોહી લીધા હતા. પૂજ્ય ભાઈશ્રીએ પણ ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.





તા.૩૦ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ ભારતવર્ષમાંથી પધારેલા વિદ્વાન પંડિત ગણ દ્વારા ભાગવત વિદ્યાપીઠ સોલા મુકામે ચંડીપાઠના આયોજનમાં પૂ.ભાઈશ્રી ઉપસ્થિત રહી બપોરે ૩.૦૦ કલાકે કન્વેન્શન હોલ ખાતે પધાર્યા હતા. સાંદીપનિની પરંપરા પ્રમાણે વેદગાનથી શરૂ થયેલા જ્ઞાનસત્રમાં શ્રી ચિદાનંદ સરસ્વતી, ગુરૂદેવ શ્રી રાકેશભાઈ, શ્રી ગોવિંદભાઈ ધોળકિયા, સાધ્વી ભગવતીજી, શ્રી હૃદયરંજન શર્માજી, શ્રી ઈમામ ઈલ્યાસજી અને પૂજ્ય શ્રી શ્રવણાનંદ સરસ્વતીજી. જેવા વિદ્વાનોએ પોતાની વિચારધારા પ્રસ્તુત કરી હતી. સાંજે ભોજન પ્રસાદ બાદ સાંસ્કૃતિક સત્રમાં રાત્રે ભારતીય કલા સંસ્થાન દ્વારા સીતા સ્વયંવર અને નંદોત્સવ બંનેની કૃતિ "ચલે મન વુન્દાવન કી ઓર"પર સુંદર પ્રસ્તુતિ રજૂ કરી હતી.

તા.૩૧ ઓગસ્ટ, ૨૦૧૭ ના રોજ સવારે ભાગવત્ વિદ્યાપીઠ સોલા મુકામે ભારત વર્ષમાંથી પધારેલા ૧૦૮ જેટલા વિદ્વાનો પંડિતગણ દ્વારા મંગલ અભિષેકનું આયોજન થયું હતું. આ પ્રકારનું આયોજન અમદાવાદમાં પ્રથમવાર યોજાયું હતું. બપોરે ૩.૩૦ કલાકે ષષ્ટિપૂર્તિ સંત મિલન સમારોહની શરૂઆત થઈ હતી. ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીજી, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, વૃંદાવન રમણરેતી મહંત ગુરૂ શરણાનંદજી મહારાજ, ઋષિકેશ પરમાર્થ નિકેતન શ્રી ચિદાનંદ સરસ્વતીજી, શ્રી અવધેશદાસજી મહારાજ, શ્રી ગોવિંદદેવગીરી મહારાજ, શ્રી રાજેન્દ્રદાસજી મહારાજ, શ્રી રામદેવજી મહારાજ, શ્રી હંસદેવાચાર્યજી મહારાજ અને સુશ્રી કોકીલાબેન અંબાણી સહિત તથા અનેક સંતો મહંતોની ઉપસ્થિતિમાં પૂજ્ય ભાઈશ્રી અને ભાગવદ ધર્મની સંવેદના વિશે હૃદયસ્પર્શી વિચારધારા પ્રસ્તુત થઈ હતી.





# સંસ્થા સમાચાર

## કલકત્તા

રઘુકુલ એકેડેમીનો આ વર્ષે ત્રીજો કાર્યક્રમ તા. ૬-૮-૨૦૧૭ ને રવિવારના રોજ સ્પેસ સર્કલ ક્લબના એ.સી. હોલ ખાતે એક અનેરો ઇન્ડોર સ્પોર્ટસ કાર્નિવલ સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્નિવલની વિશેષતા એ છે કે પરિવારના દરેક સદસ્ય નાના બાળકોથી લઈને વડીલો દરેક માટે વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯.૦૦ કલાકથી સદસ્યોનું આગમન શરૂ થઈ ગયું. દરેક સદસ્યો પોતાની પસંદગીની રમતમાં રજીસ્ટ્રેશન કરાવી ઉત્સુકતાપૂર્વક સંસ્થા તરફથી રાખવામાં આવેલ ચા-કોફી બિસ્કિટ માણી રહ્યા હતા. નાના બાળકો માટે કોમ્પ્યુટરની વિવિધ રમતો જેમ કે બાઈક રેસિંગ, કાર રેસિંગ, શુટ ધ એનીમી, એર હોકી તથા અન્ય વિવિધ વિડિયો ગેમ્સ રાખવામાં આવી હતી જેમાં ૨૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો અને આનંદ માણ્યો હતો.

સર્વ પ્રથમ લગભગ ૯.૪૫ કલાકે બોલીંગ જેમાં પુરુષ વિભાગમાં ૬૮, મહિલા વિભાગમાં ૫૦ અને કપલ વિભાગમાં ૪૦ એટલે કે ૧૫૮ એન્ટ્રી આવેલ, આ રમત સવારના ૧૦ કલાકથી સાંજના ૭.૦૦ કલાક સુધી દરેક રમતમાં ભાગ લેનાર તથા હાજર રહેલ ભાઈ-બહેનોએ ખૂબ જ માણી હતી. આ રમતનું સંચાલન સમિતિના સદસ્યો ભાવિક પોપટ, વિજયભાઈ મિરાણી તથા પિયુષભાઈ બોસમીયાએ સફળતાપૂર્વક કરેલ. આ ટુર્નામેન્ટમાં પુરુષ વિભાગમાં (૧) નીરવ સોમૈયા (૨) વિશાલ પટેલ (૩) ચેતન માંડવીયા અને મહિલા વિભાગમાં (૧) આશાબેન બોસમીયા (૨) મીનીતા ઠક્કર (૩) મીનાક્ષી બેટાય અને કપલ વિભાગમાં (૧) ચેતા અને ચેતન માંડવીયા (૨) મેઘના અને પરાગ ઠક્કર (૩) આશા અને પિયુષ બોસમીયા વિજેતા જાહેર થયા હતા. પુલ ટુર્નામેન્ટ જેમાં ૫૦ એન્ટ્રી આવેલ તે લગભગ ૧૧.૩૦ કલાકે શરૂ કરવામાં આવી હતી. ટુર્નામેન્ટનું સફળ સંચાલન સંસ્થાના સભ્ય રોહિત કટારીયા, હેમેન ઠક્કર તથા ચિરાગ ખખ્ખરે કરેલ હતું. આ રમતમાં પહેલા નોકઆઉટ ત્યારબાદ બેસ્ટ ઓફ થ્રી નિયમાનુસાર ક્વાર્ટર ફાઈનલ, સેમી ફાઈનલ, તેમજ ફાઈનલ, ૨ પુલ ટેબલ પર રમાડવામાં આવેલ જેમાં (૧) પિયુષ બોસમીયા (૨) અર્જુન ઠક્કર (૩) અંકિત છાંટબાર. સાથોસાથ બીજી બાજુ ૪૮ એન્ટ્રી સાથે મહિલા વિભાગની ડાર્ટ ટુર્નામેન્ટ લગભગ ૧.૦૦ કલાકે સમિતિ સભ્ય ચિરાગ ઠક્કર, શ્રીમતી અનીતા ઠક્કર તથા રુપલબેન બેટાઈ દ્વારા સફળતાપૂર્વક સંભાળવામાં આવેલ જેમાં ભાગ લેનારા દરેક બહેનોએ બહુ જ આનંદ માણેલ. આમાં (૧) માલી બોસમીયા (૨) રાધિકા મિરાણી (૩) અનીતા ઠક્કર વિજેતા જાહેર થયા હતા.

## આણંદ

શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન આણંદ દ્વારા અમૃતવાડી ખાતે તા. ૧૫ ઓગસ્ટના રોજ ૭૧મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમારંભમાં શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનના સભ્ય શ્રી વસંતભાઈ સોમૈયાએ પોતાના જન્મદિન નિમિત્તે તુલસીનાં રોપાઓનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જયેશભાઈ કારીયા, ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ મીરાણી, મહાજનના ટ્રસ્ટીઓ તેમજ જ્ઞાતિ અગ્રણીઓએ હાજરી આપેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુવા સંગઠનના નેતા શ્રી આનંદભાઈ કારીયાએ કર્યું હતું.

## અંકલેશ્વર

તા.૧૫-૮-૨૦૧૭ના રોજ જન્માષ્ટમી નિમિત્તે યોજાયેલ સમસ્ત સમાજની શોભાયાત્રામાં શ્રી રઘુવંશી લોહાણા મહાજન અંકલેશ્વર પણ સાથે જોડાઈ સામાજીક એકતાના કાર્યમાં હાથ મિલાવી આપણી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. અંકલેશ્વર જીઆઈડીસી કોલોની વિસ્તારમાં દર વર્ષે અહીં વસતા અલગ અલગ પ્રાંતના, અલગ અલગ જ્ઞાતિના સમાજો દ્વારા સાથે મળી ગોકુલઅષ્ટમી શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે, જેનો હેતુ સામાજીક એકતાનો છે જેમાં શ્રી રઘુવંશી લોહાણા મહાજન અંકલેશ્વરે જોડાઈ સામાજીક એકતાના આ પવિત્ર કાર્યમાં સહભાગી થયેલ. શ્રી રઘુવંશી લોહાણા મહાજન યુવા પ્રમુખ શ્રી કમલેશ વિઠ્ઠલાણી તેમજ સર્વે યુવા મિત્રો, મહિલા પ્રમુખ શ્રીમતી ઈલાબેન, મંત્રી શ્રીમતી કાજલ વિઠ્ઠલાણી તેમજ સર્વે મહિલા શક્તિ પાંખની બહેનો તેમજ મહાજન કમીટીના ઉત્સાહી મેમ્બર શ્રી રમેશભાઈ જસાણીના ઉત્સાહી સ્વભાવ તેમજ સમાજના પ્રમુખશ્રી, મંત્રીશ્રી ઉપપ્રમુખ શ્રી તેમજ કમીટીના સર્વે સભ્યોના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યક્રમ ખૂબ જ આનંદ અને ઉત્સાહમય સંપન્ન થયેલ. આ શોભાયાત્રા સળંગ ૫ કલાક ચાલી હતી. આપણા સમાજ દ્વારા યાત્રામાં જોડાયેલ આશરે ૨૫૦૦ લોકોને શોભાયાત્રા દરમિયાન આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવેલ અને આયોજકો દ્વારા સન્માનપત્ર પણ આપવામાં આવેલ.

## કોઠારા

શ્રી કોઠારા લોહાણા મહાજન ટ્રસ્ટનો તેરમો સરસ્વતી સન્માન સમારંભ વસંતકુમાર હંસરાજ ચંદે ભોજારના પ્રમુખ સ્થાને યોજાઈ ગયેલ. સમારંભની શરૂઆત પૂ. જસરાજદાદાની આરતીથી રીના ભાવેશભાઈ સોનાઘેલા દ્વારા કરવામાં આવેલ. સરસ્વતી સન્માન સમારંભની શરૂઆત ઈનામ વિતરણના દાતાઓશ્રી શંકરભાઈ મહેયાર, સમારંભના પ્રમુખ શ્રી તથા કોઠારા લોહાણા મહાજનના વડીલ શ્રી શંભુબાપા દિવાની કતિરા અને અતિથિ વિશેષ શ્રીઓ પ્રતાપભાઈ વી. ઠક્કર મહારાષ્ટ્ર અને લોહાણા મહાજનના સ્થાનિક પ્રમુખ શ્રી પ્રાણજીવનભાઈ ગણાત્રાના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત કરતાં પહેલાં છ દિવંગતો વડિલોને શ્રધ્ધાંજલી આપી યાદ કરવામાં આવ્યા અને બે મિનિટનું મૌન પાળવામાં આવેલ. કાર્યક્રમ માટે છગનલાલ કતીરા, દિપકભાઈ માણેક, કાંતિભાઈ પીરાવાણી, વલ્લભદાસ ભગદે, હરેશભાઈ, ભરતભાઈ મોટનપુત્રા તેમજ મુંબઈથી પધારેલ મહેમાનો ખાસ હાજર રહ્યા હતા. સ્વાગત પ્રવચન અને પ્રસંગ પરિચય સંસ્થાના સહમંત્રી શ્રી તુલસીદાસ પીરાવાણીએ કર્યું હતું. ગત વર્ષથી શરૂ કરાયેલ વયવંદના કાર્યક્રમ હેઠળ જ્ઞાતિના ૧૭ જેટલા વડીલોનું માળા અને શાલથી સન્માન સુરેશ અનમ, કિશોર ભગદે, અનિત રૂપારેલ વગેરે કર્યું હતું. મહાજનશ્રીનું પરંપરાગત પહેરવેશ ધીરે ધીરે લુપ્ત થતો જાય છે જેની યાદ હંમેશા જળવાઈ રહે તે માટે શાંતિલાલ દિવાની કતિરા મહાજનશ્રીનું અસલ પહેરવેશ ધારણ કર્યું હતું જેણે ભારે આકર્ષણ જમાવ્યું હતું. મુંબઈથી પધારેલ મહેમાનોનું શાલથી સ્વાગત રમેશભાઈ કતિરા, પ્રકાશભાઈ કતિરા, હર્ષદભાઈ કેશરિયા, નીતીનભાઈ રૂપારેલ વગેરેએ કર્યું હતું. ત્યારબાદ સમાજના ૮૯ વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે તેમજ આશ્વાસન ઈનામો દાતાઓશ્રી શંકરભાઈ મહેયાર, રતનશીભાઈ રૂખાણા અને દિપકભાઈ અશોરા તરફથી આપવામાં આવ્યા હતા. માતુશ્રી મણિબાઈ મંગલદાસ પલાણ પરિવાર હસ્તે પંકજભાઈ અને અતુલભાઈ તરફથી સમાજના દરેક વિદ્યાર્થીઓને વોટરબેગ અને ફાઈલ ફોલ્ડરના ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. ઈનામોનું વિતરણ મુરજીભાઈ મોમટિયા, ભરત ચગસોતાના હસ્તે કરવામાં આવેલ. કાર્યક્રમની વ્યવસ્થા તથા આયોજન સંસ્થાના પ્રમુખ શ્રી પ્રાણજીવનભાઈ ગણાત્રાના માર્ગદર્શન હેઠળ, શ્રી આશિષભાઈ પીરાવાણી, અતુલભાઈ સોનાઘેલા, ચિરાગ રૂપારેલ, જયમીન સ્વાર, કેવલ પીરાવાણી અને વિરલ રૂપારેલ વગેરેએ સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમેશ ભગદે અને તુલસીદાસ પીરાવાણી "દાસ"એ પોતાની કચ્છી શૈલીમાં સંભાળી સૌને ખુશ કર્યા હતા.

## અમદાવાદ

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા સમાજના સભ્ય પરિવારો માટે તા.૧૬ ઓગસ્ટથી ૨૦ ઓગસ્ટ સુધી યાત્રા-પ્રવાસનું આયોજન થયું જેમાં અંદાજે ૧૦૦ જેટલા સભ્યોએ આ યાત્રા પ્રવાસમાં મદ્રાસ, રામેશ્વરમ્, તિરૂપતિ, ત્રિચિ અને વેલ્લોર જેવા તીર્થોની મુલાકાત લીધી હતી. શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદના પ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને તમામ હોદેદારો તથા ટીમના સહિયારા પ્રયાસથી આ પ્રવાસ અત્યંત આનંદદાયક રહ્યો હતો.

## મુંબઈ

શ્રી કચ્છી લોહાણા મહાજન વાડી, મુલુંડ, ગીતા મંદિર હોલમાં ભાદરવા મહિનામાં ચંદ્રદર્શને બુધવાર તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ વીરભક્ત, ધર્મરક્ષક વીરદાદા જસરાજ મંડળ - મુંબઈ દ્વારા જસરાજ દાદાને ધૂપ આરતી સાથે થાળ, રણગીત, અંજલિ ગીત ગાવામાં આવ્યા હતા. શ્રી બીપીન મહારાજે પૂજનવિધિ કરાવી હતી. શ્રી લાલજી સર અને શ્રી જગજીવનભાઈ તન્નાએ જસરાજ દાદા મંડળની પ્રવૃત્તિઓનો સારાંશ આપી ભાવિકો માટે જસરાજ દાદાના બિલ્લા બનાવવાની પ્રક્રિયા ચાલુ છે એની જાણકારી આપી. ઉપસ્થિત જસરાજ દાદા ભક્ત માસ્ટરના પંકજભાઈ ચંદેને આ જવાબદારી સોંપવામાં આવી છે. જસરાજ દાદા મંડળના સભ્ય શ્રી નીલેશ ચેરાઈએ સૂચન કર્યું કે આ ધૂપ આરતીમાં શામેલ ભાવિકો માટે દરિયા પ્રસાદ આપવા જોઈએ.આ સૂચનને બધાએ સહર્ષ વધાવી લીધો હતો. ડાહીબેન જેઠમલ ચેરાઈ પરિવાર દ્વારા રૂા. ૫૦૦૦/- આ મંડળને અનુદાન રૂપે આપવામાં આવ્યા. આવતા ચંદ્રદર્શને નવરાત્રિ પ્રારંભે આસો માસના ચંદ્રદર્શને તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ ગુરૂવારે સાંજે ૭.૩૦ થી ૮.૧૫ કલાક સુધી મહાજનવાડીમાં જસરાજ દાદાની છબી-મંદિરના સાનિધ્યમાં થનારી ધૂપ આરતીમાં વધુ જસરાજ દાદા ભક્તો ઉપસ્થિત રહે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

સંકલન : લાલજી સર





# શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સામૂહિક માતૃતર્પણ



## માતૃગયા તીર્થ સિધ્ધપુર (જિ. પાટણ)

## અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તા. ૨૫ ઓક્ટોબરથી તા. ૧ નવેમ્બર, ૨૦૧૭ સુધી સિધ્ધપુર મુકામે આયોજિત શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ અને સામૂહિક માતૃતર્પણમાં રૂા ૧૧૦૦૦/-ના અનુદાનથી પોથી યજમાન નિમિત્ત તરીકે જોડાઈ રહેલા પરિવારો માતૃઋણ અદા કરવાનો અમૂલ્ય લ્હાવો પ્રાપ્ત કરી રહ્યા છે. આ તમામ પરિવારોને વિગતવાર માહિતી સાથેની મુખ્ય આમંત્રણ પત્રિકા કુરિયરથી મોકલવામાં આવશે. પોથી યજમાન બનવા માટે ભરેલ ફોર્મમાં જે એડ્રેસ હશે તેના પર પત્રવ્યવહાર કરવામાં આવશે. આ મહોત્સવના પ્રથમ દિવસે, પોથી યજમાન પરિવારના જે જે સભ્યો હાજર હશે તેમણે તેમની પોથી નિર્ધારિત જગ્યાએથી પ્રાપ્ત કરી પોતાના માતુશ્રીના ફોટા સાથેની પોથી સાથે રાખી પોથીયાત્રા / શોભાયાત્રામાં જોડાવાનું રહેશે. જે પરિવારો ઉપસ્થિત ન રહી શકે તેમ હોય તો તેમના વતી બ્રહ્મદેવો સંકલ્પિત થઈ આવશ્યક વિધિ સંપન્ન કરશે. જે જે પરિવારો આ મહોત્સવમાં પોથી યજમાન કે અન્ય રીતે જોડાવા ઈચ્છતા હોય તેમણે માતૃસંસ્થાના આપના વિભાગના હોદ્દેદારોનો અથવા મધ્યસ્થ કાર્યાલયનો સંપર્ક કરવો. તમામ પ્રકારની વ્યવસ્થાઓની વિગતવાર માહિતી મુખ્ય પત્રિકા તેમજ આગામી માસના શ્રી રઘુકુળ વિશ્વમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

- આર. સી. ટી. શ્રીમદ્ ભાગવત કથા સમિતિ

મધ્યસ્થ કાર્યાલય

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th September 2017




If Undelivered return to:
President, Printer and Publisher : Pravin Kotak, Editor : Chandrakant Tanna
Place of Publication : Shree Lohana Mahaparishad, Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380054 (Ph.) 079-40091005
Printing Press : Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)